# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## વાત છે વિવેકની

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

''વિવેક એ દસમો નિધિ છે'' આ વાક્ય તો આપણે ઘણીવાર સાંભળ્યું હશે, ક્યાંક સુવાક્યોમાં પણ વાંચ્યુ પણ હશે. બ્રહ્માજીએ નવનિધિ તો કુબેરભંડારીને આપ્યા. નિધિ એટલે તિજોરી. જેમાં તેઓએ સોનું, હિરા-માણેક આદિ દ્રવ્ય ભરી નિર્ભયતા પ્રાપ્ત કરી પણ આ દસમો નિધિ ''વિવેક'' પૃથ્વી પરના માનવીને આપ્યો. તેમાં આશય એ હતો કે આ નિધિમાં માનવજાત પોતાના તમામ સદ્‌ગુણોને સાચવી શકે. અને આપણે એ જોઈ શકીએ છીએ કે જેની પાસે આ વિવેકરૂપ નિધિ નથી તેવા લોકો પાસે બીજા સદ્‌ગુણો પણ નહિવત રહે છે.

સંતો, શાસ્ત્રો બધા પ્રથમ વિવેકની જ વાત કરે છે. તેનું કારણ એ જ છે કે તમારે ગાડી લેવી હોય તો તેને રાખવાની જગ્યાનો પણ પહેલેથી વિચાર કરવો જ પડે. તો ગાડી સચવાઈને રહી શકે. તેમ પ્રાપ્ત કરેલ સદ્‌ગુણોને રાખવા માટે પ્રથમ વિવેકરૂપ નિધિ (તિજોરી)ની વ્યવસ્થા જો ન હોય તો પ્રાપ્ત કરેલા સદ્‌ગુણોને લાંબો સમય સુધી સાચવી શકાતા નથી.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તજનો સુખી થાય તેના માટે જ શિક્ષાપત્રીની રચના સ્વહસ્તે કરી આપણને નાની પુસ્તિકામાં વિવેકનો સાગર સમાવી આપ્યો છે. વચનામૃતમાં પણ ઠેકઠેકાણે જે આજ્ઞાઓ કરી છે તે પણ વિવેકની પુષ્ટિ થાય તેના માટે જ છે. વિવેકની પ્રાપ્તિ થવી કે અવિવેકની તેનો મુખ્ય આધાર આપણી આસપાસનું કેવું વાતાવરણ છે. આપણને કોની પ્રત્યે હેતભાવ છે તે ઉપર છે. બાળક નાનું હોય ત્યારે તેના માનસપર ઉપર કૌટુમ્બિક વાતાવરણની પૂરતી અસર હોય છે. પછી વિદ્યાભ્યાસની શરૂઆત થાય ત્યારથી શાળા, શિક્ષકો તેમજ સહઅભ્યાસી મિત્રોની વર્તણુંકની અસર પણ મોટો ભાગ ભજવે છે. આ બે સ્થાન એવા છે કે તે દ્વારા માનવ જીવનમાં વિવેક-અવિવેકની જે રોપણી થાય તે આખા જીવન સુખી ટકી રહે છે. સંગ-સોબત પ્રમાણે તેમાં વધારો-ઘટાડો થયા કરે છે. પણ એક વાત ચોક્કસ છે કે વિવેકનો મહાસ્રોત જો ક્યાંયથી પ્રાપ્ત થતો હોય તો તે સત્સંગ છે. અને સત્સંગની પ્રાપ્તિ જેના પર ભગવાનની કૃપા હોય તેજ પામી શકે છે.

**''બિનુ સત્સંગ વિવેક ન હોઈ**
**રામકૃપા બિના સુલભ ન સોઈ.''**

જેમાંથી ચિરકાળ સુધી વિવેકની પ્રાપ્તિ થાય છે. તેવી બે જગ્યા - કૌટુંબિક વાતાવરણ અને શિક્ષણ આ બંને એટલે કે કુટુંબમાં માતા-પિતા, વડીલો અને શિક્ષણમાં શિક્ષાગુરૂઓ દ્વારા આપવામાં આવેલા સંસ્કારની છાપ સીધી કે આડકતરી રીતે બાળક અને વિદ્યાભ્યાસીના માનસપટમાં પડે જ છે. કારણ કે હંમેશા વાણી કરતાં વર્તણુંકની અસર વધુ બળવાન અને ચિરસ્થાયી રહે છે. આચરણ વિનાની પ્રેરક વાણીથી ઉત્તેજન મળે તો ખરૂં પણ તે લાંબા સમય સુધી અસર કરી શકતું નથી.

એક રાજાના રાજ્યની પ્રજામાં અંદરો અંદર ખૂબ કલહ ચાલ્યા કરે. રાજાએ કલહ દૂર કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ સફળતા નહોતી મળતી. રાજ્યગુરૂએ સલાહ આપી કે - નાના બાળકોને ગળથુંથીમાં જ જો વિવેકનું શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યમાં રાજ્યભરમાં શાંતિની સ્થાપના થઈ શકે. આવા પવિત્ર ઉદ્દેશથી રાજ્યમાં ''વિવેક વિદ્યાલયની'' સ્થાપના થઈ. બહુ વિદ્યાન એવા પંડિતોને શિક્ષક તરીકે નિમાયા. વિદ્યાલયની દિવાલો પર વિવેકને પોષણ આપી શકે તેવા સુત્રવાક્યો મુકાયા. પંડિત શિક્ષકો વિદ્યાર્થીઓને વિવેકના પાઠ ભણાવવા લાગ્યા. થોડો સમય તો સારૂં ચાલ્યું પણ પાંચેક વર્ષ પુરા થતા બાળકોમાં અવિવેકનું પ્રમાણ વધવા લાગ્યું. રાજાને મુંઝવણ થઈ. અને એણે તો

તપાસ ચાલુ કરી. તપાસ કરતાં ખબર પડી કે જે શિક્ષકો વિવેકના પાઠ ભણાવે છે તેમના વર્તનમાં ક્યાંય વિવેક નથી તેથી વાણીથી આપેલા વિવેકના ઉપદેશની અસર બાળકોમાંથી દૂર થઈ ગઈ છે.

કોઈપણ વ્યક્તિને ઉપદેશ કરતા આચરણ જોવાથી અસર વધુ થાય છે. માટે જેણે વિવેકને આચરણમાં ઉતાર્યો હોય તેવા સંતપુરૂષોનો સંગ કરે તેનામાં જ વિવેક સ્થિર થાય છે. સદ્‌ગુણ માત્રનું નિવાસ સ્થાન વિવેક છે. તો જેનામાં વિવેક ન હોય તેમાં સદ્‌ગુણો કાયમ કેવી રીતે રહી શકે !!!

સજ્જનો ! આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આવો પવિત્ર સત્સંગ મળ્યો છે. આપણા નંદ સંતોએ તથા સત્સંગે આપણને વિવેકના સાગર જેવા સત્તશાસ્ત્રોના ખજાનાનો અમૂલ્ય વારસો આપ્યો છે. તો જો તમે આવનારી પેઢીમાં પણ વિવેકરૂપ નિધિમાં સદ્‌ગુણો જળવાય તેવું ઈચ્છતા હોય તો બાળકોને પણ સત્સંગનો યોગ પ્રાપ્ત કરાવવો તે આપણું કર્તવ્ય છે.

●

### આ કાર્ય તો આશીર્વાદથી થયું

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભગવદ્ કૃપાએ આપણામાં વિનય, નમ્રતા, નિષ્કામ, સેવા, પરોપકાર, ત્યાગ આદિ ગુણો હોય પણ જો પોતાનાં મુખે એની પ્રશંસા કરવા લાગે તો એ ગુણો દોષરૂપ બની જાય છે. કારણ કે આત્મ પ્રશંસા એ અધોગતિનું પ્રથમ પગથીયું છે. પોતાનામાં ગુણો હોય, પોતે કાંઈ સારૂં કાર્ય કર્યું હોય છતાં પણ તેનો યશ બીજાને આપવો એ કામ જે વિનયી અને વિનમ્ર વ્યક્તિ હોય તે જ કરી શકે. બધા માટે એ શક્ય બનતું નથી.

આજના યુગમાં જ્યાં ને ત્યાં પોતાની મોટાઈની જાહેરાતો કરાય છે. પણ કાર્ય સિધ્ધિના અંતે અતિ જરૂરી એવી નમ્રતા અને વિનય ભૂલાઈ જાય છે. આગળ વાંચ્યું તેમ ગમે તેવું સારૂં કાર્ય કર્યું હોય પણ તેની યશોગાથા સ્વમુખે શોભતી નથી. એટલે તો આપણા ઈષ્ટદેવે શિક્ષાપત્રીમાં ચોખ્ખી ના પાડી છે કે - "પોતાના મુખે કરીને પોતાના વખાણ ન

આ વાતને વિગતે સમજવા રામાયણ પ્રસંગનું આ દ્રષ્ટાંત ખૂબ જ ઉપયોગી બની શકશે. આ વાત સમજવા, વિચારવા અને આચરવા યોગ્ય છે. માટે ખૂબજ ધ્યાનથી વાંચજો.

વાત એમ છે - જ્યારે શ્રી રામ ભગવાનના હાથે રાવણનું મૃત્યુ થયું. લંકાના કાંગરે શ્રી રામ ભગવાનનો વિજય ધ્વજ લહેરાયો. સર્વત્ર જયજયકાર થવા લાગ્યો. પછી સીતાજીની સાથે ભગવાન શ્રીરામ તથા અન્ય સેવકો પૂષ્પક-વિમાનમાં અયોધ્યા પધાર્યા. અયોધ્યાની પ્રજાએ અનેરૂં સ્વાગત કરી અનેક વિજયમાળાઓ ભગવાન શ્રીરામનાં કંઠમાં અર્પણ કરી. ભગવાન શ્રીરામજીનો રાજ્યાભિષેક થયો પણ માતા કૌશલ્યાજીના મનમાં એક બાબત સતત મુંઝવ્યા કરે છે -મારા પુત્ર રામ અને લક્ષ્મણ તો સાવ નાના છે. એમના શરીર સુકોમળ છે. જ્યારે રાવણ તો ભયંકર મોટો રાક્ષસ, એની સાથેના દારૂણ સંગ્રામમાં આ સુકુમારોએ કેવી રીતે વિજય મેળવ્યો હશે !! આ વાતનો માતાના મનમાં વારંવાર વિચાર આવવા લાગ્યો.

**"હદય વિચારહી બાર હિ બારા,**
**કવન ભાંતિ લંકાપતિ મારા,**
**અતિ સુકુમાર જુગલ મેરે બારે,**
**નિશિચર સુભટ મહાબલ મારે."**

એક દિવસ તો માતાજીએ આ વિચાર શ્રીરામ પ્રભુ આગળ રજૂ કરી જ દીધો. માતાએ ભગવાન શ્રીરામને પૂછ્યું. પુત્ર ! તમે નાના અને સુકુમાર તથા કોમળ શરીરધારી છો તો રાવણ જેવા ભયંકર રાક્ષસને તમે કેવી રીતે મારી શક્યા ? આવું કોઈ સાહસનું કાર્ય આપણા દ્વારા થયું હોય અને કોઈ આવો પ્રશ્ન પૂછે ત્યારે આપણો જવાબ શું હોવો જોઈએ તે બાબત આપણને આ જવાબ ઉપરથી જાણવા મળશે.

તમે ધારી શકો કે ભગવાન શ્રીરામજીએ માતાને શું જવાબ આપ્યો હશે ? આટલો મોટો લંકા વિજયનો ઉત્સવ ઉજવાય છે. આખા દેશની પ્રજાના મુખે ભગવાન શ્રીરામની કીર્તિગાથા ગવાઈ રહી છે, તમામ પ્રજાના મુખ પર પ્રભુ શ્રીરામજીનો

જયજયકાર થાય છે. આવા સમયે માતાએ પૂછેલા પ્રશ્નનો પ્રભુ શ્રીરામજીએ શું જવાબ આપ્યો હશે !!

પ્રભુ શ્રીરામજી કહે છે -

**"ગુરૂ વશિષ્ટ કુલ પૂજ્ય હમારે,**
**ઈનકી કૃપા દનુજ રન મારે."**

માતાજી ! આપણા કુલગુરૂ શ્રી વશિષ્ટજીની કૃપાથી અમે રાવણ જેવા રાક્ષસોને મારી શક્યા છીએ. કેટલો વિનય ! કેટલી વિનમ્રતા ! પોતે કરેલા કાર્યનો યશ પોતાના કુલગુરૂ વશિષ્ઠ મુનિને પ્રભુ શ્રીરામજીએ આપ્યો.

મિત્રો ! શ્રીરામ પ્રભુના આ જવાબમાંથી આપણને શું શિખવા મળ્યું ? આપણે કાંઈ સારૂ કામ કર્યું હોય અને માતા-પિતા કે વડિલો દ્વારા આપણને જો આવો પ્રશ્ન પૂછવામાં આવે તો આપણો જવાબ કેવો હોવો જોઈએ. તેના પર વિચાર કરી પ્રભુ શ્રીરામચંદ્રજીના આ જવાબમાંથી કાંઈક ઉપદેશ ગ્રહણ કરીને જીવનમાં નમ્રતા અને વિનય જેવા સદ્‌ગુણોને ઉતારીએ તો !! જો જીવનમાં અપનાવીએ તો સદ્‌ગુણોનો તમામ ખજાનો આપોઆપ પ્રાપ્ત થાય.

આપણા હાથે થોડું પણ શુભ કાર્ય થાય ત્યારે આપણો જવાબ આવો હોવો જોઈએ કે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી અને સંતોના આશીર્વાદથી આ કાર્ય થયું છે. આવી નમ્રતાથી કાયમ આશીર્વાદ મળતા રહે અને જીંદગીમાં શુભકાર્યો થતાં રહે.